### બોરસદ નગરપાલિકામાં વર્ષોથી ફરજ બજાવતા કર્મચારીઓને કાયમી

# બોરસદ પાલિકામાં ૧૧૦ ખાલી જગ્યા પર તાત્કાલિક ભરતી કરવાની ઉગ્ર માંગ

**ખાલી જગ્યાઓ** અને કર્મચારીઓની સેવાકીય વિગતો બોર્ડ બેઠકના એજન્ડામાં સમાવવા કાઉન્સિલરની માંગ

(પ્રતિનિધિ) બોરસદ તા.૩

બોરસદ નગરપાલિકામાં ઘણા વર્ષોથી ખાલી પડેલી ૧૧૦ જગ્યાઓ તાત્કાલિક ભરવા તેમજ છેલ્લા ૨૦ વર્ષથી વધુ સમયથી ફરજ બજાવતા કર્મચારીઓને કાયમી કરવા અંગે વોર્ડ નંબર ૯ના સભ્ય ભરત રોહિતે રજૂઆત કરી છે. આ બંને મહત્ત્વના મુદ્દાઓને આગામી બોર્ડ બેઠકના એજન્ડામાં સામેલ કરી વિસ્તૃત ચર્ચા સાથે યોગ્ય નિર્ણય લેવા તેમણે માંગ કરી છે.

ભરત રોહિતે પોતાની રજૂઆતમાં ગુજરાત નગરપાલિકા અધિનિયમ, ૧૯૬૩ની કલમ ૫૦નો ઉલ્લેખ કરતાં જણાવ્યું છે કે નગરપાલિકા ખાલી જગ્યાઓ અંગે નિર્ણય લઈ શકે છે. જ્યારે કલમ ૨૭૧ (ડી) અને ૨૭૧ (જી) મુજબ નગરપાલિકાને અધિકારીઓ અને કર્મચારીઓના મહેકમ, ફરજો, નિમણૂક તથા સેવાની




શરતો નક્કી કરવાની જોગવાઈ છે.

વધુમાં, સુપ્રીમ કોર્ટના સેક્રેટરી, સ્ટેટ ઓફ કર્ણાટક વિરુદ્ધ ઉમાદેવી કેસના સંદર્ભમાં લાયકાત ધરાવતા અને મંજૂર જગ્યાઓ સામે ૧૦ વર્ષથી વધુ સમયથી સતત સેવા આપતા કર્મચારીઓના નિયમિતીકરણ અંગે યોગ્ય કિસ્સામાં વિચારણા કરવાની જોગવાઈનો ઉલ્લેખ કર્યો છે.

તેમણે ઉચ્ચક, દૈનિક વેતન અને હંગામી ધોરણે ૧૦, ૧૫, ૨૦ અને ૨૫ વર્ષથી ફરજ બજાવતા કર્મચારીઓની વિભાગવાર નામ અને સેવાકાળ સાથેની યાદી તૈયાર કરી કાયદાકીય જોગવાઈઓ મુજબ નિર્ણય લેવા માંગ કરી છે. આ રજૂઆતથી નગરપાલિકાના ખાલી મહેકમ અને લાંબા સમયથી સેવા આપતા કર્મચારીઓના ભવિષ્યનો મુદ્દો ફરી ચર્ચામાં આવ્યો છે.

# નવાખલના સરપંચને હોદ્દા પરથી સસ્પેન્ડ કરવા હુકમ

**ડેપ્યુટી સરપંચને** ગામના વહીવટની જવાબદારી સોંપાઈ

(પ્રતિનિધિ) આણંદ તા. ૩

આણંદ જિલ્લાના આંકલાવ તાલુકાના નવાખલ ગામના સરપંચ દિલીપ ઉર્ફે દીપો ભઈલાલ સોલંકી સામે દુષ્કર્મની ફરિયાદ અને ત્યારબાદ જેલવાસની સ્થિતિ વચ્ચે આણંદ જિલ્લા વિકાસ અધિકારીએ સરપંચને તેમના હોદ્દા પરથી સસ્પેન્ડ કરવાનો આદેશ કરવામાં આવ્યો છે. નવાખલ ગામના વહીવટની જવાબદારી ડેપ્યુટી સરપંચને સોંપવામાં આવી છે. ગંભીર ગુનાની ફરિયાદમાં આરોપી બનેલા અને હાલ જેલમાં



રહેલા સરપંચ સામે વહીવટી કાર્યવાહી કરાઈ છે.

પ્રાપ્ત વિગતો મુજબ, નવાખલ ગામના સરપંચ દિલીપ ઉર્ફે દીપો સોલંકી વિરુદ્ધ એક મહિલાએ દુષ્કર્મ અને ધમકી આપ્યાની ફરિયાદ નોંધાવી હતી. ફરિયાદ અનુસાર, સરપંચે મહિલાને તેના પતિ અંગે વાત કરવાનું કહી ખેતરમાં બોલાવી હતી, જ્યાં તેનું જાતીય શોષણ કર્યું હોવાનો આક્ષેપ કરવામાં આવ્યો છે. ત્યારબાદ હોટલમાં બોલાવી દુષ્કર્મ આચર્યું હોવાની પણ ફરિયાદમાં વિગતો દર્શાવવામાં આવી છે.

આ કેસમાં આરોપી સરપંચની ધરપકડ બાદ તેને જેલમાં મોકલવામાં આવ્યો હતો. દરમિયાન, તેની જામીન અરજી પણ કોર્ટે નામંજૂર કરી હતી. સરપંચ જેલમાં હોવાથી ગામના વહીવટી કામકાજ પર અસર થવાની સંભાવના વચ્ચે જિલ્લા વિકાસ અધિકારીએ હોદ્દા પરથી સસ્પેન્ડ કરવાનો આદેશ કર્યો છે. ડીડીઓના આદેશથી ગામના વહીવટની જવાબદારી હવે ડેપ્યુટી સરપંચ સંભાળશે.

### કપડવંજ નગરપાલિકા દ્વારા 'સ્વચ્છતા હી સેવા' અંતર્ગત સફાઈ અભિયાન યોજાયું



કપડવંજ નગરપાલિકા દ્વારા ઘન કચરાના વ્યવસ્થાપનમાં સુધારો કરવા અને લોકોમાં જાગૃતિ લાવવાના હેતુથી ૧ થી ૧૫ ઓક્ટોબર સુધી વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે. જે અન્વયે નગરમાં 'સ્વચ્છતા હી સેવા ૨૦૨૬' અંતર્ગત સફાઈ અભિયાન હાથ ધરવામાં આવ્યું હતું. આ અભિયાનમાં પાલિકા પ્રમુખ સેજલ પટેલ, ઉપપ્રમુખ સ્નેહા ઓઝા અને ચીફ ઓફિસર મેહુલ પરમાર જોડાયા હતા. પાલિકાના સદસ્યો, કર્મચારીઓ અને ભાજપ સંગઠનના હોદ્દેદારોએ સંયુક્ત રીતે કપડવંજ નગરના વિવિધ રાજમાર્ગો પર સફાઈ કામગીરી કરી હતી. - **તસવીર : હરિશ જોષી**

### રેલવેની જમીનનો દાવો, કોર્ટ કેસ અને તંત્રની ધીમી ગતિથી ખર્ચ બમણો થવાની આશંકા

# નડિયાદમાં ૬૪ કરોડનો આઈકોનિક બસ સ્ટેન્ડ પ્રોજેક્ટ ૧૦ વર્ષથી અધૂરો

**હંગામી બસ સ્ટેન્ડમાં** દૈનિક મુસાફરો પાયાની સુવિધાઓ વિના ત્રાહિમામ



(પ્રતિનિધિ) નડિયાદ તા.૩

નડિયાદ શહેરમાં અદ્યતન બસ સ્ટેન્ડ બનાવવાની જાહેરાતને દસ વર્ષ વીતવા છતાં નિર્માણ કાર્ય પૂર્ણ થઈ શક્યું નથી. વહીવટી તંત્ર દ્વારા દિવાળી સુધીમાં નવા બસ સ્ટેન્ડનો અમુક હિસ્સો કાર્યરત કરવાની આપેલી ખાતરી હવામાં ઓગળી ગઈ છે. સ્થળ પર તંત્રની ગોકળગાય ગતિએ ચાલતી કામગીરીને કારણે હજારો દૈનિક મુસાફરો, નોકરિયાતો અને વિદ્યાર્થીઓને જૂના બસ સ્ટેન્ડની હંગામી વ્યવસ્થામાં ભારે હાલાકી ભોગવવી પડી રહી છે.

નડિયાદ શહેરમાં અદ્યતન બસ સ્ટેન્ડ બનાવવા ૧૨મી મે ૨૦૧૭ના રોજ ૨૯ પ્લેટફોર્મ ધરાવતા આ મલ્ટી બસ સ્ટેન્ડનું ખાતમુહૂર્ત કરાયું હતું. આ પ્રોજેક્ટ ૨ વર્ષમાં પૂર્ણ કરવાનો હતો, પરંતુ જૂનો ઢાંચો તોડતાં જ રેલવે વિભાગે જમીનનો દાવો કર્યો હતો અને વેપારીઓ દ્વારા કોર્ટ કેસ કરવામાં આવતાં કામગીરી ભારે વિલંબિત થઈ હતી.

દસ વર્ષ જેટલો સમય વીતી જતાં મટીરીયલ અને મજૂરીના ભાવ આસમાને પહોંચી ગયા છે. ૨૦૧૭માં જે કામ રૂ. ૬૪.૨૯ કરોડમાં પૂર્ણ થવાનું હતું, તે હવે બમણી રકમમાં પાર પડશે. આ વિલંબનો સીધો ફટકો સરકારી તિજોરી અને કરદાતાઓના નાણાં પર પડશે.

પબ્લિક પ્રાઈવેટ પાર્ટનરશીપ હેઠળ ૩૩,૩૦૩ ચોરસ મીટરમાં આઈકોનિક બસ સ્ટેન્ડ બનાવવાની નેમ હતી. જેમાં આધુનિક ઈન્ક્વાયરી, રિઝર્વેશન ટિકિટિંગ ઓફિસ, ટુરિસ્ટ ઈન્ફર્મેશન સેન્ટર અને ક્લોક રૂમ જેવી સુવિધાઓ ઉપલબ્ધ કરાવવાની જાહેરાત લાંબા સમયથી કાગળ પર જ રહી છે. આ બસ સ્ટેન્ડના તમામ પ્લેટફોર્મ્સને હંગામી જગ્યાએ ખસેડાયા છે, જ્યાં પીવાના પાણી, બેસવાની વ્યવસ્થા અને સફાઈનો ગંભીર અભાવ છે.

# કપડવંજમાં ચેક બાઉન્સ થતાં યુવકને એક વર્ષની કેદ

(પ્રતિનિધિ) કપડવંજ તા.૩

કપડવંજની અધિક ચીફ જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ કોર્ટે ચેક રિટર્ન કેસમાં મહત્વપૂર્ણ નિર્ણય આપતાં આરોપીને એક વર્ષની સાદી કેદ અને એક માસમાં ચેકની રકમ ચૂકવી આપવાનો હુકમ કર્યો છે.

કપડવંજ ખાતે આવેલી શ્રીરામ ફાઈનાન્સ લી.ના બ્રાન્ચ અધિકારી શ્યામ અજીતકુમાર મહેતા દ્વારા કોર્ટમાં ફરિયાદ દાખલ કરવામાં આવી હતી. ખેડા જિલ્લાના કઠલાલ તાલુકાના પોરડા (ભાટેરા) ગામના વાદી મહોલ્લામાં રહેતા રામરાજકુમાર કાળુભાઈ વાદીએ કંપનીમાંથી બાઈકની લોન લીધી હતી. આ લોનના હપ્તા નિયમિતપણે ન ભરાતાં, ઉઘરાણી દરમિયાન આરોપીએ રૂપિયા 63,494નો ચેક આપ્યો હતો.

આ ચેક બેંકમાં જમા કરાવતાં તે 'ફન્ડ્સ ઈન્સફિશિયન્ટ' ના શેરા સાથે પરત ફર્યો હતો. આ અંગે ફરિયાદીએ વકીલ મારફતે નોટિસ મોકલવા છતાં આરોપીએ રકમ ન ચૂકવતાં કપડવંજ કોર્ટમાં કેસ દાખલ કરવામાં આવ્યો હતો. આ કેસ ચાલતાં કપડવંજના અધિક ચીફ જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ યુ.એસ. કાલાણીએ આરોપીને ધી નેગોશિયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ 138 તથા ક્રિમિનલ પ્રોસિજર કોડની કલમ 357(3) અન્વયે તકસીરવાર ઠેરવ્યો હતો. કોર્ટે આરોપીને એક વર્ષની સાદી કેદની સજા તથા ચેકની રકમ એક માસમાં ચૂકવી આપવા આદેશ કર્યો છે. જો આરોપી રકમ ચૂકવવામાં કસૂર કરે તો વધુ ત્રણ માસની સાદી કેદની સજા ભોગવવાનો આદેશ આપવામાં આવ્યો છે.

## આણંદ-ખેડા અને મહિસાગર જિલ્લાના સંસ્થા સમાચાર

### પેટલાદના નાર સ્થિત ગોકુલધામ ખાતે દિવ્યાંગ સાધન સહાય વિતરણ સમારોહ યોજાયો



**પેટલાદ |** ગાંધી જયંતીના પાવન પ્રસંગે ગુજરાત સરકારના સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ દ્વારા ગોકુલધામ, નાર ખાતે 'સેવા મેરા યોગદાન' હેઠળ દિવ્યાંગ સાધન સહાય વિતરણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. દિવ્યાંગજનોને આત્મનિર્ભર બનાવવાના હેતુથી ૨૭૪ સહાયક સાધનો (જેમાં ૮૮ વ્હીલચેર, ૮૮ હિયરિંગ એઈડ, બ્રેઈલ કીટ વગેરે)નું વિતરણ કરવામાં આવ્યું હતું. આ સમારોહમાં દિવ્યાંગ લગ્ન સહાય, ટુ-વ્હીલર સહાય પેટે રૂપિયા ૪ લાખથી વધુની આર્થિક સહાય સાથે માસિક પેન્શન મંજૂરી હુકમ અને ૧૦૪ દિવ્યાંગોને મફત બસપાસ એનાયત કરાયા હતા.

### નડિયાદના સંતરામ વિદ્યાલયની વિદ્યાર્થીનીઓ ખેલ મહાકુંભમાં ઝોન કક્ષાએ ઝળકી



**નડિયાદ |** ખેલ મહાકુંભ ઝોન કક્ષાની સ્પર્ધાઓમાં સંતરામ કેળવણી મંડળ સંચાલિત સંતરામ વિદ્યાલયની વિદ્યાર્થીનીઓએ ઉત્કૃષ્ટ પ્રદર્શન કર્યું હતું. U-17 વિભાગમાં લાંબી કૂદમાં તળપદા ક્રિષ્ણાએ પ્રથમ તથા જોટાણીયા જીલે દ્વિતીય, જ્યારે ૧૦૦ મીટર દોડમાં ક્રિષ્ણાએ દ્વિતીય અને જીલે તૃતીય ક્રમ મેળવ્યો હતો. આ ઉપરાંત, U-17 ચક્ર ફેંક અને ગોળા ફેંકમાં ચૌહાણ કીર્તિ દ્વિતીય તેમજ ઓપન એજ ૧૦૦ મીટર દોડમાં ઠાકોર શ્રદ્ધાએ પ્રથમ ક્રમ પ્રાપ્ત કર્યો હતો. આ સિદ્ધિ બદલ રામદાસજી મહારાજ અને નિર્ગુણદાસજી મહારાજે તમામ વિજેતાઓને દિવ્ય અખંડ જ્યોતના આશીર્વાદ પાઠવ્યા હતાં.

ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩
ગતિવિધિ
આપના સમાજ, સંસ્થા, સોસાયટી કે જૂથના કાર્યક્રમોને 'ગુજરાતમિત્ર' આણંદ પ્રસિદ્ધ કરશે. આપની જાહેર ખબર પ્રેસનોટ, અવસાન નોંધ નીચેના સરનામે મોકલી આપો.
આણંદ : SF-223 એક્વેરીયસ કોમ્પ્લેક્ષ, કૃષ્ણ રોડ, ગોપાલ ચોકડી.
E-mail : gujmitraanand@gmail.com
મો. 99784 40509
નડિયાદ : પહેલો માળ, ભારત ભૂવન, તાલુકા પંચાયત સામે, નડિયાદ.
E-mail : gujmitranadiad@gmail.com

### ખેડા જિલ્લામાં કોંગ્રેસ દ્વારા ક્વિઝ સ્પર્ધા અને માર્ગદર્શન સેમિનાર સાથે ગાંધી જયંતિ ઉજવી



**નડિયાદ |** ખેડા જિલ્લા કોંગ્રેસ સમિતિ દ્વારા ગાંધી જયંતિ નિમિત્તે જિલ્લાભરની શાળાઓમાં પ્રશ્નોત્તરી સ્પર્ધા અને કાર્યાલય ખાતે માર્ગદર્શન સેમિનાર જેવા વિવિધ રચનાત્મક કાર્યક્રમો યોજાયા હતા. ગ્રામ્ય વિસ્તારોની શાળાઓમાં આયોજિત સ્પર્ધાઓમાં ભાગ લેનાર તમામ વિદ્યાર્થીઓને પ્રમાણપત્ર તથા વિજેતાઓને મોમેન્ટો આપી સન્માનિત કરવામાં આવ્યા હતા. નડિયાદ સ્થિત જિલ્લા કોંગ્રેસ કાર્યાલય ખાતે પ્રોફેસર રોહિત શુક્લાએ ગાંધીજીના જીવન સંઘર્ષ અને વિચારો અંગે કાર્યકર્તાઓને વિસ્તૃત માર્ગદર્શન આપ્યું હતું. નવી પેઢી સત્ય, અહિંસા અને રાષ્ટ્રપ્રેમના મૂલ્યો સમજે તે હેતુથી જિલ્લા કોંગ્રેસ પ્રમુખ મહેન્દ્રસિંહ રાણાના માર્ગદર્શન હેઠળ આ સમગ્ર આયોજન કરવામાં આવ્યું હતું.

### નડિયાદના માતૃછાયા અનાથ આશ્રમ ખાતે નિ:શુલ્ક આંખ તપાસ કેમ્પ યોજાયો



**નડિયાદ |** નડિયાદ ખાતે બાળ કલ્યાણ સમિતિ, શ્રી સરદાર સેવા સંગઠન અને માતૃછાયા અનાથ આશ્રમના સંયુક્ત ઉપક્રમે નિ:શુલ્ક આંખ તપાસ કેમ્પ યોજાયો હતો. આ કેમ્પમાં ૧૩૭થી વધુ લોકોએ પોતાની આંખોની નિ:શુલ્ક તપાસ કરાવી આરોગ્યલક્ષી લાભ મેળવ્યો હતો. આ કેમ્પ દરમિયાન તબીબો દ્વારા ઉપસ્થિત લોકોને આંખોના સ્વાસ્થ્ય અને સંભાળ અંગે જરૂરી માર્ગદર્શન પૂરું પાડવામાં આવ્યું હતું. સેવાભાવી સંસ્થાઓના પ્રતિનિધિઓ અને બાળ કલ્યાણ સમિતિના મહાનુભાવોની ઉપસ્થિતિમાં આ કેમ્પ સફળ રહ્યો હતો.

### બોરીયાવીની સરદાર પટેલ હાઇસ્કૂલમાં મહિલા સશક્તિકરણ અને જાગૃતિ કાર્યક્રમ યોજાયો



**આણંદ |** આણંદ જિલ્લા પોલીસ અધિક્ષક જી. જી. જસાણી અને વિભાગીય પોલીસ અધિકારી જે. એન. પંચાલની અધ્યક્ષતામાં મહિલા પોલીસ સ્ટેશનના PI એસ. એચ. બુલાન તથા શી-ટીમ દ્વારા વિશેષ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. બોરીયાવીની સરદાર પટેલ હાઇસ્કૂલ ખાતે યોજાયેલા આ કાર્યક્રમમાં ધોરણ 9 થી 12 ની 400 જેટલી વિદ્યાર્થીનીઓએ ભાગ લીધો હતો. વિદ્યાર્થીનીઓને ગુડ ટચ-બેડ ટચ, સ્વસુરક્ષા, પોક્સો કાયદો, ટ્રાફિક અવેરનેસ અને સાયબર સુરક્ષા વિશે મહત્વપૂર્ણ માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

### સરદાર પટેલ યુનિવર્સિટીના ફાર્મસી ટોપર્સનું 'રમણભાઈ પટેલ એવોર્ડ' સમારોહમાં સન્માન



**આણંદ |** ગુજરાત સ્ટેટ ફાર્મસી કાઉન્સિલ દ્વારા 'વર્લ્ડ ફાર્માસિસ્ટ ડે ૨૦૨૬' ની ઉજવણી પ્રસંગે યોજાયેલા સન્માન સમારોહમાં શ્રી રમણભાઈ પટેલ એવોર્ડ ફોર એક્સેલન્સ ઇન ફાર્મસી-૨૦૨૬થી ઉત્કૃષ્ટ પ્રતિભાઓને સન્માનિત કરવામાં આવ્યા હતા. આ સમારોહમાં સરદાર પટેલ યુનિવર્સિટીના ફાર્માસ્યુટિકલ સાયન્સિસ વિભાગના ૨૦૨૬ની બેચના વિદ્યાર્થીઓ આરતી ફટાણીયા (પ્રથમ), મલય મોદી (દ્વિતીય) અને અવિજિત દાસ (તૃતીય) નું યુનિવર્સિટી ટોપર્સ તરીકે વિશેષ સન્માન કરાયું હતું. આ પ્રસંગે નિરમા યુનિવર્સિટીના પ્રમુખ કરસનભાઈ પટેલ સહિતના અગ્રણી મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.

### ચારુસેટ ખાતે 'KRC ઓથર ટોક સિરીઝ' અંતર્ગત ડો. નિમિત ઓઝાનું પ્રેરણાદાયી વક્તવ્ય યોજાયું



**આણંદ |** ચાંગા સ્થિત ચારુસેટ યુનિવર્સિટીના KRC અને HRDC દ્વારા જાણીતા લેખક તથા મોટિવેશનલ સ્પીકર ડો. નિમિત ઓઝાનું જીવનને થેન્ક યુ, પડકારોને વેલકમ વિષય પર પ્રેરણાદાયી વક્તવ્ય યોજાયું હતું. પોતાના વક્તવ્યમાં તેમણે જીવનના પડકારોનો સામનો કરવા માટે સકારાત્મક અભિગમ, આત્મવિશ્વાસ, સેલ્ફ-માસ્ટરી અને શિસ્ત કેળવવાની બાબત પર ભાર મૂક્યો હતો. તેમણે પરિણામની ચિંતા કર્યા વિના વર્તમાન ક્ષણમાં જીવીને સતત શીખતા રહેવા તથા પોતાના ધ્યેય પર કેન્દ્રિત રહેવા માટે ઉપસ્થિતોને પ્રેરણા આપી હતી. આ કાર્યક્રમમાં યુનિવર્સિટીના રજિસ્ટ્રાર, કેળવણી મંડળના હોદ્દેદારો, વિવિધ કોલેજોના પ્રિન્સિપાલ, અધ્યાપકો અને વિદ્યાર્થીઓ બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

### આણંદના ખંભોળજની પ્રાથમિક કુમાર શાળા ખાતે 'સેવા સેતુ' કાર્યક્રમ યોજાયો

**આણંદ |** ખંભોળજ ગામે આવેલી પ્રાથમિક કુમાર શાળા ખાતે



'સેવા સેતુ' કાર્યક્રમનું સફળ આયોજન કરવામાં આવ્યું હતું. સરકારની વિવિધ લોકકલ્યાણકારી યોજનાઓનો લાભ નાગરિકોને ઘરઆંગણે જ સીધો મળી રહે તે મુખ્ય હેતુ સાથે આ આયોજન કરાયું હતું. આ કાર્યક્રમમાં તાલુકા પંચાયત પ્રમુખ અશોકભાઈ ઠાકોર અને મામલતદાર વિજયરાજસિંહ ગોહિલ સહિત ઉચ્ચ અધિકારીઓ તથા પદાધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

### કપડવંજની તોરણા હાઇસ્કૂલના વિદ્યાર્થીઓ 'સેવા સંકલ્પ અભિયાન' સ્પર્ધાઓમાં ઝળહળ્યા



**કપડવંજ |** કપડવંજ તાલુકાની કે.સી. ભગત માધ્યમિક અને સ્વ. કે.બી. પટેલ ઉચ્ચતર માધ્યમિક હાઇસ્કૂલ, તોરણાના વિદ્યાર્થીઓએ ક્યુડીસી કક્ષાની સ્પર્ધાઓમાં વિશિષ્ટ સિદ્ધિ મેળવી છે. 'વિકસિત ભારત 2047' અંતર્ગત યોજાયેલી ચિત્ર સ્પર્ધામાં માધ્યમિક વિભાગમાં માનવી વાઘેલા અને ઉચ્ચતર માધ્યમિક વિભાગમાં પિનલ પરમાર પ્રથમ ક્રમે રહ્યા હતાં. આ વક્તૃત્વ સ્પર્ધામાં ઉચ્ચતર માધ્યમિક વિભાગમાં બીજલ સોલંકી પ્રથમ તેમજ માધ્યમિક વિભાગમાં જલ્પા ચૌહાણ બીજા નંબરે વિજેતા બન્યા હતાં. આ અંગે આચાર્ય યોગેશભાઈ અને ચિત્ર શિક્ષક પરીક્ષિત ત્રિવેદીના માર્ગદર્શન હેઠળ મળેલી આ સફળતા બદલ શાળા પરિવાર અને ગ્રામજનોએ વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવ્યાં હતાં.

### કપડવંજ કેળવણી મંડળ દ્વારા શિક્ષકો-એકાઉન્ટન્ટનો સન્માન સમારોહ અને પુસ્તક વિમોચન યોજાયું



**કપડવંજ |** શિક્ષક દિન નિમિત્તે દાણી કોલેજ ખાતે કપડવંજ કેળવણી મંડળ દ્વારા ૨૫ શિક્ષકો અને ૪ એકાઉન્ટન્ટનું શિલ્ડ અર્પણ કરી ગૌરવપૂર્ણ સન્માન કરવામાં આવ્યું હતું. આ સમારોહમાં એસ. સી. દાણી સ્કૂલના વાઇસ પ્રિન્સિપાલ ડો. વનરાજસિંહ રાઠોડનું પી.એચ.ડી. પૂર્ણ કરવા બદલ વિશેષ બહુમાન કરાયું હતું. આ પ્રસંગે ડો. રાઠોડ લિખિત પ્રેરણાદાયી પુસ્તકો 'આકાંક્ષાઓં કી ઉડાન' અને 'સપનોં કી પાઠશાલા'નું મહાનુભાવોના હસ્તે વિમોચન કરવામાં આવ્યું હતું. મંડળના ઉપપ્રમુખ રસિકભાઈ પટેલ અને દાણી ફાઉન્ડેશનના ડાયરેક્ટર નીલાબેન પંડ્યા સહિતના મહાનુભાવોની ઉપસ્થિતિ રહ્યાં હતાં.

### કપડવંજ તાલુકાના થવાદ ગામે ઉત્સાહભેર 'આંગણ ઉત્સવ' ઉજવવામાં આવ્યો



**કપડવંજ |** થવાદ આંગણવાડી કેન્દ્ર-૨ ખાતે સરકારશ્રીના આંગણ ઉત્સવ કાર્યક્રમનું આઈસીડીએસ ટીમ દ્વારા સફળ આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં નાના બાળકોને પૌષ્ટિક આહાર, ફ્રૂટ તથા માતૃશક્તિ આપીને નિયમિત અને સ્વસ્થ ભુલકાઓને પ્રોત્સાહિત કરાયા હતા. આ પ્રસંગે સરપંચ, આચાર્ય તથા ગ્રામજનોની હાજરીમાં સગર્ભા માતાઓ અને કિશોરીઓના અભિપ્રાય લેવામાં આવ્યા હતા. સરાહનીય સેવાઓ બદલ આંગણવાડી કાર્યકરો, તેડાગરો અને આશા વર્કરોને પ્રમાણપત્ર આપી સન્માનિત કર્યાં હતાં.